માહિતી મગજમાં ભરવી એનું નામ વિદ્યા નથી, મેળવેલ જ્ઞાનને જીવનમાં ઉતારવાથી સાચી વિદ્યા પ્રાપ્ત થાય છે
- કાકાસાહેબ કાલેલકર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૧૫, સોમવાર ; ફાગણ વદ - ૧૦/૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## સિડફાર્મની મહામૂલી જમીન પર ગોડાઉન બનાવવા નિર્ણય

### પંચાયતની સામાન્ય સભામાં કરાયેલા નિર્ણયથી સરકારને એક લાખ ચો.મી. જેટલી જમીન સોંપી દેવાઈ : જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવે તેવા મળતા સંકેતો

ગાંધીનગર, તા. ૧૫

બિયારણ વૃદ્ધિ ફાર્મની ઉપજાઉ મહામૂલી જમીન ગુજરાત બીજ નિગમના ગોડાઉનો માટે ફાળવવાનો વિવાદાસ્પદ નિર્ણય પંચાયતની સામાન્ય સભામાં લેવામાં આવતાં તેનો જિલ્લાના રાજકારણમાં ઘેરા પ્રત્યાઘાત પડવા પામ્યા છે.

ગત ફેબ્રુઆરી માસમાં જિલ્લા પંચાયતની મળેલ સામાન્ય સભામાં આ વિવાદાસ્પદ નિર્ણય કરવામાં આવ્યો હતો. બિયારણ વૃદ્ધિ ફાર્મની ઉપજાઉ જમીન ગોડાઉનો બાંધવા માટે ફાળવવાનો નિર્ણય ખેડૂતોને પણ ગળે ઉતરતો નથી. આ મુદ્દે આગામી દિવસોમાં જિલ્લાનું રાજકારણ ગરમાવો પકડે તો નવાઈ નહિ.

મળતી વિગતો પ્રમાણે બીજ નિગમે બિયારણ સ્ટોરેજ/પેકિંગ અને પ્રોસેસીંગ અંગે ગોડાઉનો બાંધવા માટે સરકાર પાસે જમીનની માંગણી કરી હતી અને રાજ્ય સરકારે પંચાયત હસ્તકના બિયારણ વૃદ્ધિ કેન્દ્રોની જમીન પંચાયતની વાતો કાને લીધા સિવાય ૮ ઓક્ટો. ૨૦૧૪ના રોજ એક હુકમ કરી પંચાયત હસ્તકના સીડફાર્મની મહામૂલી જમીન ફાળવી આપવાના એકતરફી હુકમો કરી દીધા હતા.

કલોલ તાલુકાના ધમાસણા સીડફાર્મની ૬૦ હજાર ચો.મી. અને દહેગામની ૪૬,૫૦૦ ચો.મી. જગ્યા ફાળવી આપવાના કરાયેલા હુકમને પંચાયતની સામાન્ય સભામાં બહુમતીથી મંજૂરી પણ આપી દેવામાં આવી છે.

ધમાસણા સીડફાર્મમાં તો આયુર્વેદની ઔષધીય ખેતીનો પ્રયોગ સફળ રીતે હાથ ધરવામાં તંત્રને સફળતા મળી હતી. અત્યંત મહામૂલી જમીન બિયારણ વૃદ્ધિ કેન્દ્ર અને સિડ ફાર્મના સંયુક્ત સર્વે નંબરની જે રીતે સાંપડી લેવાઈ છે તેને લઈ જિલ્લાના રાજકારણમાં આગામી દિવસોમાં ઘેરા પ્રત્યાઘાત પડશે તેમ મનાઈ રહ્યું છે.

રાજ્ય સરકાર જિલ્લા પંચાયતના આવકના સિમીત સાધનો છે ત્યારે તેના પર જે રીતે તેની નજર દોડાવી રહી છે તે

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીવાદી નારાયણ દેસાઈનો દેહવિલય

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ શોક વ્યક્ત કર્યો : વિદ્યાપીઠના કુલપતિ તરીકે પણ તેઓ રહ્યા હતા, દેસાઈ મહાત્મા ગાંધીની ડાયરી લખનાર મહાદેવ દેસાઈના પુત્ર





અમદાવાદ, તા.૧૫

જાણીતા ગાંધીવાદી નેતા અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ નારાયણભાઈ દેસાઈનું આજે અવસાન થયું હતું. તેમનું એક ખાનગી હોસ્પિટલમાં અવસાન થયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેસાઈના નિધન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. મોદીએ કહ્યું છે કે, નારાયણ દેસાઈ એક વિદ્વાન હસ્તી હતા. ગાંધીજીને લોકોની વચ્ચે લાવવામાં તેમની મોટી ભૂમિકા હતી. ૯૦ વર્ષીય દેસાઈ મહાત્મા ગાંધીની ડાયરી લખનાર મહાદેવ દેસાઈના પુત્ર હતા. તેમના મોટા પુત્ર નચિકેતા દેસાઈએ કહ્યું છે કે, સુરતના મહાવીર ટ્રોમાસેન્ટરમાં આજે વહેલી પરોઢે તેમના પિતા નારાયણ દેસાઈનું અવસાન થયું હતું. તેમનો અંતિમ સંસ્કાર બપોરના ગાળામાં કરવામાં આવ્યો હતો. દેસાઈ ૧૦ ડિસેમ્બરથી કોમામાં હતા અને પ્રવાહી પદાર્થો ઉપર જ જીવી રહ્યા હતા. નારાયણ દેસાઈનો જન્મ ૨૪ ડિસેમ્બર ૧૯૨૪ના દિવસે ગુજરાતના વલસાડમાં થયો હતો. દેસાઈ વિનોબા ભાવેના ભૂદાન આંદોલન અને

● અનુસંધાન પાન-૭ પર

## આજ-કાલમાં રાજકીય નિમણુંકોના ભણકારા

### નાના ચાર-પાંચ બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેક્ટરોની નિમણુંક આજ-કાલમાં

ગાંધીનગર, તા. ૧૫

વિધાનસભા સત્ર પૂર્ણ થવા આડે હવે માત્ર ૧૫ દિવસ જ બાકી છે ત્યારે આ સત્ર બાદ રાજ્ય સરકાર દ્વારા બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડિરેક્ટરોની નિમણુંકોની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા અત્યાર સુધીમાં બે તબક્કામાં નાના બોર્ડ-નિગમોમાં ૧૫ જેટલા અધ્યક્ષોની અને ૧૦૦ જેટલા ડિરેક્ટરોની નિમણુંકો કરવામાં આવી છે તેમજ ચારથી પાંચ જેટલી શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળોના ચેરમેનોની નિમણુંકો કરવામાં આવેલી છે.

ત્યારબાદ બાકી રહેલા મોટા બોર્ડ-નિગમોમાં ચેરમેન ડીરેક્ટરોની પ્રક્રિયા બાકી રાખવામાં આવી હતી. કારણ કે ગત ૨૩મી ફેબ્રુઆરીથી અંદાજપત્ર સત્ર શરૂ થયું હતું. હવે વિધાનસભાનું અંદાજપત્ર પૂર્ણ થવાને આરે છે ત્યારે પુનઃ બોર્ડ-નિગમોમાં ચેરમેન-ડિરેક્ટરોની નિમણુંકો માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ટુંક સમય રાજ્ય સરકાર દ્વારા વધુ ચારથી પાંચ જેટલા બોર્ડ-નિગમોમાં ચેરમેનોની અને ૫૦ જેટલા ડિરેક્ટરોની નિમણુંકો કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે અને નિમણુંકો કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા ગુડાના ચેરમેનની કરેલી નિમણુંક સામે ખુદ ભાજપના જ કોર્પોરેટરોએ વિરોધ ઉઠાવીને નિમણુંકની પુનઃ વિચારણા કરવા માટે મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરી હતી.

આથી હવે બાકીના બોર્ડ નિગમોમાં ચેરમેનોની નિમણુંકોમાં પક્ષમાંથી કોઈ વિરોધ ન ઉઠે તેની તકેદારી રાખીને સંગઠનના પરામર્શમાં રહીને નિમણુંકો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

જો કે આ વખતે પણ માત્ર નાના જ ચાર પાંચ બોર્ડ નિગમોમાં જ નિમણુંકો આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. મોટા બોર્ડ-નિગમોમાં ચેરમેનોની હાલ નિમણુંકો નહી કરાઈ આ નિગમોમાં હાલ સનદી અધિકારીઓને જ સી.એમ.ડી. તરીકે ચાલુ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.



(તસવીર : દિપક જાની)

## વરસાદી વિરામ બાદ ખુશનુમા વાતાવરણ

### દિવસ દરમ્યાન હળવા પવનની લહેરખીઓ રેલાતી રહી : બપોર પછી છુટાછવાયા વાદળો જોવાયાં : તાપમાન મહત્તમ ૩૧.૨ ડિગ્રી સે. અને લઘુત્તમ ૧૯.૫ ડિગ્રીએ નોંધાયું

ગાંધીનગર, તા. ૧૫

સતત બે દિવસના પરિવર્તનશીલ વાતાવરણ અને વરસાદી માહોલનો આજે વિરામ આવ્યો હતો. આજનું વાતાવરણ ગાંધીનગરમાં તદ્દન ચોખ્ખુ, ખુશનુમા અને હળવા પવનવાળુ રહ્યું હતું. નગરનું તાપમાન મહત્તમ ૩૧.૨ ડિગ્રી સેલ્શિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૯.૫ ડિગ્રી રહ્યું હતું. જો કે વાતાવરણમાં હજુ પણ ભેજનું પ્રમાણ સવારે ૬૬ ટકા હતુ જે સાંજે ૩૯ ટકા સુધી નોંધાયું હતું.

આજે સવારે થોડોક સમય ઠંડકનો માહોલ હતો જેમાં દિવસ ચઢવાની સાથે સાથે ગરમાવો આવી ગયો હતો. જો કે દિવસ દરમ્યાન પવનની સતત હાજરી હોવાથી નગરજનોને આજે ગરમીનો અનુભવ વધારે થયો નહોતો. ગઈકાલ સાંજે નગરના કેટલાક ભાગોમાં થયેલા બરફના કરા સાથેના કમોસમી વરસાદના પગલે પણ વાતાવરણમાં ઠંડકની અસર યથાવત અનુભવાતી હતી. બપોરના સમયે થોડીક ગરમીનો પારો ઉંચો આવતા અને તડકો ફેલાતા નગરમાં વરસાદી માહોલ ભુલાયો હતો. આજે રવિવારની રજા હોવાથી મોટાભાગના નગરજનોએ ઘરોમાં આરામ કરવાનું પસંદ કર્યુ હોય તેમ બપોરના સમયે જનજીવન તદ્દન શુષ્ક ભાસી રહ્યું હતું. બપોર પછી આકાશમાં છુટાછવાયા વાદળો જોવા મળ્યા હતા.

ગઈ કાલે સાંજે ગાંધીનગરમાં ૨ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો અને સાથે બરફના કરા પડ્યા હતા. જેના પગલે નગરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. બરફના કરાના વિવિધ ફોટોગ્રાફ નગરજનોએ મોબાઈલ દ્વારા એકબીજા સાથે શે'ર કર્યા હતા. ગઈકાલના પ્રમાણમાં આજે દિવસ દરમ્યાન વાતાવરણ તદ્દન ચોખ્ખુ અને ખુશનુમા રહેતા નગરજનો સહિત ખેડૂતોએ પણ રાહતનો દમ લીધો હતો.

## રાજ્યમાં હવે રક્તપિતના દર્દીઓ વધે છે

અમદાવાદ,તા. ૧૫

ગુજરાતમાં રક્તપિતના કેસ ફરી સપાટી ઉપર આવી રહ્યા છે. રાજ્યના આરોગ્ય વિભાગ પાસે ઉપલબ્ધ રહેલા આંકડા આ અંગેનો સંકેત આપે છે. પ્રવર્તમાન દર ૨૦૧૪-૧૫માં ઓક્ટોબર સુધી ૧.૧૬ ટકાનો રહ્યો છે. પ્રવર્તમાન દર ૧૦૦૦૦ની વસતીમાં એક ઉપર આધારિત છે. નેશનલ લેપ્રોસી ઈરિડિગેશન પ્રોગ્રામ (એનએલઈપી)ના ઉદ્દેશ્યને હાંસલ કરી લીધાના ૧૧ વર્ષ બાદ ફરી એકવાર આ મામલો સપાટી ઉપર આવી રહ્યો છે. નેશનલ લેપ્રોસી ઈરિડિગેશન પ્રોગ્રામ (એનએલઈપીના)ના ઉદ્દેશ્યને ઘટાડવામાં આવ્યો છે. જેના લીધે પ્રવર્તમાન દર પ્રતિ ૧૦૦૦૦ કરતા પણ ઓછો પહોંચ્યો છે. રાજ્યના આરોગ્ય વિભાગે તેની વેબસાઈટમાં જણાવ્યું છે કે, ૨૦૦૪માં આ ઉદ્દેશ્ય હાંસલ કરી લેવામાં આવ્યો હતો અને પ્રવર્તમાન દર ઘટાડીને ૦.૯૫ કરી દેવામાં આવ્યો હતો. ગુજરાતને આ સિદ્ધિ બદલ ઈન્ટરનેશનલ લેપ્રોસી યુનિયન એન્ડ સાસાકાવા હેલ્થ ફાઉન્ડેશન માટેનો એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. જાન્યુઆરી ૨૦૦૭ સુધી સિદ્ધિ હાસલ કરી લેવામાં આવી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ગુજરાતની આ સિદ્ધિની પ્રશંસા કરી હતી. નંબરોની વાત કરવામાં આવે તો ફરી એકવાર રક્તપિતનો આંકડો વધી રહ્યો છે. એક વખતે તેને ઘટાડીને ખુબ નીચી સપાટીએ લઈ જવામાં આવ્યા બાદ ૨૦૧૪-૧૫માં પ્રવર્તમાન દર ૧.૧૬ની આસપાસ પહોંચ્યો છે જે ચિંતા ઉપજાવે તેવો રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લેપ્રોસી અથવા તો રક્તપિત ક્રોનિક ઈન્ફેક્શન રોગ છે. તે મુખ્યરીતે ચામડી ઉપર અસર કરે છે. આ ઉપરાંત આંખ અને શ્વાસની તકલીફમાં પણ અસર કરે છે. ઓક્ટોબર ૨૦૧૪ સુધીના ગુજરાતના આંકડા દર્શાવે છે કે, રાજ્યમાં રક્તપિત પ્રવર્તમાન દર ૧.૧૬ હતો. વર્ષના આંકડા ઉપર નજર કરવામાં આવે તો છેલ્લા થોડાક વર્ષોમાં તેમાં વધારો થયો છે.

### વર્ષો-વર્ષ વધતા આંકડા

| વર્ષ | પ્રવર્તમાન દર |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૦.૭૮ |
| ૨૦૧૦-૧૧ | ૦.૭૭ |
| ૨૦૧૧-૧૨ | ૦.૮૧ |
| ૨૦૧૨-૧૩ | ૦૯૬ |
| ૨૦૧૩-૧૪ | ૦.૮૩ |
| ૨૦૧૪-૧૫ | ૧.૧૬ |

નોંધ : પ્રવર્તમાન રેટ પ્રતિ ૧૦૦૦૦ની વસતીમાં એક છે

નાયબ મામલતદાર/ Dy.S.O. 650+ જગ્યાઓ
લાયકાત : ગ્રેજ્યુએટ
। પરીક્ષા સુધીનો કોર્ષ । 100% ગેરંટીથી પરીક્ષાલક્ષી શિક્ષણ ।
। નિયમિત ટોપિક્સના અંતે ટેસ્ટ । સિલેબસ મુજબ ટોપિક્સનું વિસ્તૃત શિક્ષણ ।
ફી માત્ર ₹ 24,000/-
સંપૂર્ણ સાહિત્ય FREE
નાયબ મામલતદારની બેચ શરૂ થવાની વિગત
02.04.2015 ગુરૂવાર | સવારના 7-00 થી 9-00 | સોમ થી શુક્ર
10.04.2015 ગુરૂવાર | સાંજના 6-30 થી 8-30 | સોમ થી શુક્ર
28.03.2015 શનિવાર | બપોરના 3-00 થી 6-00 | શનિ / રવિ
TCCI EDUCATION PVT. LTD.
328/2, પ્રથમ માળ, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, ઘ-2 થી ઘ-2ની વચ્ચે, સેક્ટર-7/A, ગાંધીનગર. M.: 9537614606 / 7
MUKESH PATEL : 90990 76788
રૂબરૂ મળવાનો સમય : સવારના 10-30 થી 5
તલાટી/કોન્સ્ટેબલની બેચમાં પ્રવેશ ચાલુ છે
ફી માત્ર ₹ 99,000/-
100% ગેરંટેડ બેચ ફી પરતની લેખિત ખાતરી સાથે!
નોકરી મેળવાની 100% ખાતરી બ્રિલિયન્ટ બેચ

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

જોઇએ છે
૩૦૦૦ થી ૫૦૦૦ સ્કે. ફુટ જગ્યા પાંચ વર્ષના રજીસ્ટર્ડ ભાડા કરારથી જોઇએ છે જેમાં ડ્રેનેજ, પાણી, થ્રી ફેઝ પાવરની સુવિધા હોય. નરોડા, વટવા, કઠવાડા, વસ્ત્રાલ, ઓઢવ, ગાંધીનગર, સાંત્રેજ, ગોતા વગેરે વિસ્તારમાં
સંપર્ક ૯૯૭૪૦ ૬૪૫૫૧

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૨૧/૪/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫